સને ૨૦૧૪-૧૫ માં નવી બાબતે પાટણ જિલ્લાના સાંતલપુર અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન સાથે ' દૂધ સંજીવની યોજના' હેઠળ પોષણક્ષમ દૂધ આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૧૭ /૨,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૭ /૦૩ /૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગના તા.૦૯/૧૧/૮૪ના ઠરાવ ક્રમાંક-મભય/૧૩૮૪ /ક

(૨) શિક્ષણ વિભાગના તા.૧૭/૦૯/૨૦૧૪ અને તા.૧૯/૧૧/૨૦૧૪ના સરખા ક્રમાંકના ઠરાવ

(૩) કમિશ્નરશ્રી,મ.ભો.યો.તા.૨૭/૨/૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ-૪/દૂધ/૧૪/૧૭૪૨૮

(૪) ભારત સરકારના નાણા વિભાગના તા.૧/૦૩/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક-૧/૨૦૧૧/સેન્ટ્રલ એકસાઇઝ

ઠરાવ –

શિક્ષણ વિભાગના સંદર્ભ-(૨)ના ઠરાવથી સને ૨૦૧૪-૧૫ માં નવી બાબતે પાટણ જિલ્લાના સાંતલપુર અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન સાથે ' દૂધ સંજીવની યોજના' હેઠળ પોષણક્ષમ દૂધ આપવા માટે રુ.૪.૫૮ કરોડ પૈકી રુ.૩.૩૯ કરોડની વહિવટી મંજુરી આપવામાં આવેલ હતી. સંદર્ભ-(૩) ના કમિશ્નરશ્રી,મ.ભો.યો.તા.૨૭/૨/૧૫ના પત્રથી (૧) પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકા માટે ૧૦૨૬ નંગ ઇસ્યુલેટેડ બોક્સના નંગ દીઠ રુ.૧૦૨૨.૦૮ લેખે રુ.૧૦,૪૮,૬૫૫ અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકા માટે ૯૦૦ નંગ ઇસ્યુલેટેડ બોક્સના નંગ દીઠ રુ.૯૫૬ લેખે રુ. ૮,૬૦,૪૦૦ મળીને કુલ રુ.૧૯,૦૯,૦૫૫ થાય છે જેમાં વિભાગના તા.૧૭/૦૯/૨૦૧૪ થી પ્રસ્તુત બાબતે રુ.૬.૭ લાખની મંજુરી આપેલ હતી તે રકમ બાદ કરતા ઇસ્યુલેટેડ બોક્સની વધારાની રકમ રુ૧૨,૩૯,૦૫૫ મંજુર કરવા (૨) પાટણ જિલ્લાના સાંતલપુર ખાતે આ યોજનાનો અમલ શરૂ થયેલ ન હોય ફ્લેવર્ડ દૂધ ઉપર સંદર્ભ-(૪) મુજબ એકસાઇઝ ડ્યુટી પેટે પ્રતિ પાઉચ રુ.૦.૧૫૪૪૮ લેખે ખર્ચની મંજુરી આપવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

૨/ પુખ્ત વિચાર્ણાના અંતે **સને.૨૦૧૪-૧૫માં** નવી બાબતે (૧) પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકા માટે ૧૦૨૬ નંગ ઇસ્યુલેટેડ બોક્સના નંગ દીઠ રુ.૧૦૨૨.૦૮ લેખે રુ.૧૦,૪૮,૬૫૫ અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકા માટે ૯૦૦ નંગ ઇસ્યુલેટેડ બોક્સના નંગ દીઠ રુ.૯૫૬ લેખે રુ. ૮,૬૦,૪૦૦ મળીને કુલ રુ.૧૯,૦૯,૦૫૫ થાય છે જેમાં વિભાગના તા.૧૭/૦૯/૨૦૧૪ થી પ્રસ્તુત બાબતે રુ.૬.૭ લાખની મંજુરી આપેલ હતી તે રકમ બાદ કરતા ઇસ્યુલેટેડ બોક્સની વધારાની રકમ રુ૧૨,૩૯,૦૫૫ મંજુર કરવા (૨) પાટણ જિલ્લાના સાંતલપુર ખાતે આ યોજનાનો અમલ શરૂ થયેલ ન હોય ફ્લેવર્ડ દૂધ ઉપર એકસાઇઝ ડ્યુટી પેટે પ્રતિ પાઉચ રુ.૦.૧૫૪૪૮ લેખે ખર્ચ કરવાની નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

**(૧) સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે પ્રસ્તુત બાબતે થયેલ જોગવાઇમાંથી વધારાની રકમ નાણાકિય વર્ષના અંતે સરન્ડર કરવાની રહેશે.**

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનું રહેશે.

૪/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૬/૦૩/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.પી.પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- જિલ્લા કલેકટરશ્રી,પાટણ અને અરવલ્લી.
--જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,પાટણ અને અરવલ્લી
--જિલ્લા તિજોરી અધિકારીશ્રી,પાટણ અને અરવલ્લી
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.